# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૦/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## વિદ્યાર્થીઓને એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે કારકિર્દીની તકો તથા સિવિલ સર્વિસિસની UPSC - GPSC પરીક્ષા વિશે માર્ગદર્શન અપાયુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના નવમા દિવસે વિદ્યાર્થીઓને ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા અને નવસારી કૃષી યુનિવર્સિટીના સિનિયર સાયન્ટીસ્ટ ડો. પ્રમોદ કુમાર વર્માએ એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગના ક્ષેત્રે કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. જયારે વરાછા કો – ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી કાનજીભાઇ ભાલાળાએ તથા હાલમાં જ યુપીએસસીમાં ગુજરાતના ટોપર સુરતના શ્રી કાર્તિક જીવાણી દ્વારા સિવિલ સર્વિસિસની યુપીએસસી અને જીપીએસસી પરીક્ષા વિશે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ.

શ્રી રોહિત મહેતાએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે, લોકો હવે ભેળસેળયુકત જીવનથી થાકી ગયા છે. હવે બધાને ઓર્ગેનીકમાં જવાનું છે. આથી એગ્રીકલ્ચરનો કોર્સ કરીને વિદ્યાર્થીઓ એગ્રો એનોમીસ્ટ તથા કન્સલ્ટન્ટ બની શકે છે. ગુજરાતમાં પાંચ જેટલી કૃષી યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર સંબંધિત વિવિધ કોર્સ ચાલી રહયા છે. માસ્ટર અને પીએચડી સુધીનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ કૃષી ક્ષેત્રમાં સારી કારકિર્દી બનાવી શકે છે.

ડો. પ્રમોદ કુમાર વર્માએ જણાવ્યુ હતુ કે નવસારી, આણંદ, દાંતીવાડા અને જુનાગઢ કૃષી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને વિદ્યાર્થીઓ એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, ફોરેસ્ટ્રી, વેટરનરી, એગ્રી એન્જીનિયરીગ અને હોમ સાયન્સનો અભ્યાસ કરી શકે છે. વિદ્યાર્થીઓને ઓનલાઇન જ પ્રવેશ મેળવવાનો હોય છે પણ ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે નજીકના સેન્ટર ઉપર જવાનું હોય છે. એગ્રીકલ્ચરમાં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે સુરતમાં ચાર જેટલા સેન્ટર કાર્યરત છે. વિદ્યાર્થીઓ પ્લાન્ટ બ્રીડીગ, જેનેટીક બાયોલોજી, ફૂડ પ્રોસેસિંગ અને ડેરી સાયન્સમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે.

શ્રી કાનજીભાઇ ભાલાળાએ વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસિસની તૈયારી માટે યુપીએસસી અને જીપીએસસીની પરીક્ષા વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે માત્ર અંગ્રેજી ભાષામાં જ પરીક્ષા આપવાની હોય છે એવી ગેરમાન્યતા વિદ્યાર્થીઓને હોય છે પણ એવુ નથી. કોઇપણ પ્રાદેશિક ભાષામાં યુપીએસસી અને જીપીએસસીની પરીક્ષા આપી શકાય છે. યુપીએસસીની પરીક્ષા આઇએએસ, આઇપીએસ, આઇએફએસ અને આઇઆરએસ સિવાય અન્ય ૨૩ પ્રકારની સર્વિસિસ માટે લેવામાં આવે છે. ગુજરાતમાં જીપીએસસીની પરીક્ષા પાસ કરીને ડેપ્યુટી કલેકટર જેવા કલાસ વન અને કલાસ ટુ અધિકારી બની શકાય છે. વિદ્યાર્થી ધારે તો મહેનત કરીને સફળ થઇ શકે છે પણ વિદ્યાર્થીઓ પ્રોપર તૈયારી કરતા નથી એટલે પાસ થતા નથી.

હાલમાં જ યુપીએસસી પરીક્ષામાં ગુજરાતના ટોપર બનેલા સુરતના શ્રી કાર્તિક જીવાણીએ પોતાના અનુભવ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા. તેમણે કહયુ હતુ કે રોજના દસ કલાક અભ્યાસ કરીને બે – ત્રણ વર્ષમાં યુપીએસસીની તૈયારી કરી શકાય છે. કોલેજના ત્રણ વર્ષની સાથે સાથે યુપીએસસીની તૈયારી કરો તો પહેલી ટ્રાયલમાં પાસ થઇ જવાય છે. તેમણે વિદ્યાર્થીઓને યુપીએસસીની પરીક્ષા પદ્ધતિ વિશે સમજણ આપી હતી.

ચેમ્બરની એકેડેમીક એન્ડ લાયબ્રેરી કમિટીના કો – ચેરપર્સન સુશ્રી સંધ્યા રાઠોડે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના નવમા દિવસનું સમાપન થયુ હતુ.